ગાંધીનગર સમાચાર
તા. ૯-૮-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### અમે એક છીએ : સંસદનો રણ ટંકાર

સંસદમાં સંરક્ષણમંત્રી એ.કે. એન્ટનીના અધૂરી માહિતીથી પ્રેરિત ઢીલા નિવેદન સામે સમસ્ત વિપક્ષ એકી અવાજે ઊભો થઈ ગયો અને દેશભરમાં સંરક્ષણમંત્રી વિરુદ્ધ તથા યુપીએ સરકાર વિરુદ્ધ દેખાવો થવા લાગ્યા તેથી સોનિયા ગાંધી, મનમોહનસિંહ અને રાહુલ ગાંધી સહિત તમામ કોંગ્રેસના હાકેમોના પગ નીચેથી ધરતી સરકવા માંડી હતી. ઍન્ટની સંસદમાં આપેલા બયાન અંગે દેશની માફી માગે એવી માગણી બુલંદ બનતાં અને પ્રજામાં સરકારની ઢીલી સંરક્ષણનીતિ વિરુદ્ધ પ્રચંડ રોષનું વાતાવરણ સરજાતાં સરકાર માટે સુધારેલું નિવેદન રજૂ કરવા સિવાય બીજો કોઈ જ વિકલ્પ બચ્યો નહતો. આખરે ઍન્ટનીએ પોતાની ભૂલ સ્વીકારીને કડક ભાષામાં તૈયાર કરાયેલું નિવેદન રજૂ કરવું પડ્યું; એમને એ પણ સ્વીકારવું પડ્યું કે પાંચ ભારતીય સૈનિકોની હત્યા કરનારા પાકિસ્તાની લશ્કરના જ માણસો હતા. આવા હુમલા કરવા માટે પાક આર્મી પાસે 'સ્પેશિયલ ગૃપ'- આસ ટુકડીઓ છે, જેને પદ્ધતિસરની તાલીમ આપી ભારતીય સેના પર હુમલો કરાવાય છે. અગાઉ ઍન્ટનીએ એવું કહેલું કે પાકિસ્તાની સૈનિકોના વેશમાં ઘૂસી આવેલા આતંકવાદીઓ દ્વારા આ ઘૃણાસ્પદ, હિચકારું અને અમાનવીય કૃત્ય કરાયું હતું. ઍન્ટનીના આવા નિવેદનથી પાકિસ્તાનને હુમલાની જવાબદારીમાંથી છટકબારી મળી જાય એવી સ્થિતિ સરજાઈ હતી. પાક સરકારે તો આ હુમલામાં પોતાનો (અર્થાત્ પાક આર્મીનો) બિલકુલ જ હાથ નહીં હોવાનું નિવેદન કરી ભર્યા તળાવમાંથી કોરા નીકળી જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય સેના આ મુદ્દે અત્યંત સ્પષ્ટ છે: સરહદ પારથી થતી તમામ ભારત વિરોધી કાર્યવાહી પાક આર્મીના નેજા હેઠળ થતી હોય છે. બલકે પાક આર્મી અને કુખ્યાત ગુપ્તચર સંસ્થા આઈઍસઆઈ સાથે મળીને ભારતની સીમાઓ સળગતી રાખવાના એક મુદ્દાના કાર્યક્રમને છેક ૧૯૪૭થી આજપર્યંત એકધારી વળગી રહી છે. જનરલ અયુબખાનના જમાનાથી કાશ્મીરમાં ઘૂસણખોરી ચાલી રહી છે. આ પરોક્ષ યુદ્ધની પદ્ધતિ પાકિસ્તાનને ખૂબ માફક આવી ગઈ છે. સીધી લડાઈમાં ભારતીય સેના સામે તેઓ ટકી શકે એમ નથી તે ૧૯૬૫, ૧૯૭૧ અને છેલ્લે કારગિલના યુદ્ધમાં સાબિત થઈ ચૂક્યું છે. 'આઝાદ કાશ્મીર' તરીકે ઓળખાતા પાક હસ્તકના કાશ્મીરમાંથી બરફ ઓગળવા લાગે તે મોસમ દરમિયાન હજારોની સંખ્યામાં પાકિસ્તાની ઘૂસણખોરો ત્યાંની સેનાની મદદથી ભારતીય સીમામાં ઘૂસણખોરી કરતા રહે છે. સરહદો પર કાંટાળી વાડ હોવા છતાં આ પહાડી વિસ્તારમાં નાગરિકોની સામસામી અવરજવર અટકાવવાનું ઘણું અઘરું છે, કારણ કે બેઉ તરફના ગ્રામીણ લોકો એકબીજાને ઓળખતા હોઈ પહેરો ભરતી સેનાની આંખમાં સહેલાઈથી ધૂળ નાખી શકે છે. ભારતીય સેનાની પહેરેદાર ટુકડી કરતાં પાક આર્મીના રેન્જરો વધારે અનુકૂળતા ધરાવે છે. આખો મુલક કાશ્મીરી મુસલમાનોનો છે, વળી સ્થાનિક ભૂગોળથી પણ એ લોકો વિશેષ માહિતગાર હોય તે સ્વાભાવિક છે. પાક આર્મી કોઈને કોઈ મુદ્દે ભારતીય સેનાને નીચાજોણું કરાવવાની તક શોધતી રહે છે. પાકિસ્તાનની ચૂંટાયેલી સરકારનો પાક આર્મી પર કોઈ અંકુશ નથી. આ બાબતે અગાઉ જ્યારે વડાપ્રધાન વાજપેયી અને નવાઝ શરીફ વચ્ચે મંત્રણા યોજાયા પછી દગાથી કારગિલ ક્ષેત્રમાં હુમલો થયેલો ત્યારે પણ સ્પષ્ટ થઈ ગઈ હતી. ભાજપ દેશભક્તિની ગુલબાંગો પોકારી શાસનકાળમાં વાજપેયી સરકારની પાકનીતિ પણ અપાર ગફલતો અને ભૂલભરેલો નિર્ણયોના નાદર નમૂના સમાન રહી છે. સંસદમાં સીધાસાદા અને વર્તન વ્યવહારમાં ગંગાજળ જેટલા પવિત્ર સંરક્ષણમંત્રી નાયડુ સહિત બધા જ નેતાઓએ બુમરાણ મચાવી ત્યારે કોંગ્રેજના પ્રવકતા અજય માકને આંકડાઓ રજૂ કરીને પુરવાર કરી દીધું હતું કે ઍનડીએના કાર્યકાળમાં પાકિસ્તાની આર્મી અને આતંકવાદીઓએ અત્યારના પ્રમાણમાં જાનમાલનું ઘણું વધારે નુકસાન કર્યું હતું. આખરે બેઉ તરફ શાણપણ વરતાયું અને સંરક્ષણ મંત્રીએ પાકને દોષિતો સામે પગલાં લેવાનું જણાવી જરૂર પડ્યે જડબાતોડ જવાબ આપવાનું 'સુધારેલું' અને પ્રજામતને અનુરૂપ નવું નિવેદન કરતાં વિપક્ષે તાબડતોબ એમના આ નિવેદનને આવકારી પોતે આવા સંવેદનશીલ મુદ્દે રાજકારણ નહીં કરતો હોવાની વાત કરી દુશ્મન સામે એક અવાજે ઊભા રહેવાની ખાતરી આપી, એથી હાલ પૂરતી આપણા માટીપગા રાજકારણીઓની બાંધી મૂઠીનો ભ્રમ સચવાઈ ગયો છે.

## શંકરસિંહ વાઘેલા બાપુ એન્જીનીયરીંગ-ફાર્મસી કોલેજનો ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૮

શિક્ષણ એ માત્ર પુસ્તક આધારિત નહિં પરંતુ જીવનલક્ષી




શિક્ષણ પણ કોલેજમાંથી પ્રાપ્ત કરવું જોઈએ. ગ્રામ્ય જીવનની કેટલીક મહત્ત્વની કડીઓ એવી પરિવારવાદની ભાવના તેમજ સખ્ત મહેનતની ટેવ પડે તે માટે જ બાપુ નોલેજ સિટી આરંભ કરાયું છે તેમ વિપક્ષના નેતા અને બાપુ નોલેજ સિટીના સ્થાપક શ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે નવા શૈક્ષણિક સંત્રમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આવકારવા માટેના યોજાયેલ સમારોહમાં બોલતાં તેમણે જણાવ્યું હતું કે પુસ્તક આધારિત જ્ઞાન એ સીમીત જ્ઞાન છે. હવે તમારું સ્કુલનું શિક્ષણ પૂર્ણ થયું છે ત્યારે જીવનના તમામ પાસાંઓને ધ્યાને રાખી અભ્યાસમાં આગળ વધો તે જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે જીવનના મૂલ્યો ગ્રામ્ય દર્શનમાં આજે પણ યથાવત રહ્યા છે અને તે નજીકથી જાણવાની તક તમને મળી છે તેનો લાભ ઉઠાવો અને મહેનત કરી આગળ વધો.

આ પ્રસંગે તેમણે જે વિદ્યાર્થીનો પ્રોજેક્ટ ઈનોવેટીવ હશે તેના પ્રોજેક્ટ ખર્ચમાં સંસ્થા આર્થિક સહયોગ આપશે તેવી જાહેરાત પણ કરી હતી. તેમણે કહ્યું કે ઈનોવેટીવ પ્રોજેક્ટને બ્રાન્ડેડ કરાવવા માટે પણ સંસ્થા વિચારી રહી છે.

ગાંધીનગરના સીમાડે આવેલી બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંસ્થા સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ ફાર્મસીના વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે આજે ટાઉનહોલ ખાતે ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત સંસ્થાના વડા શંકરસિંહજી વાઘેલાએ હાજર વિદ્યાર્થીઓને હકારાત્મક અભિગમ કેળવવા માટે હાકલ કરી હતી. અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓ પણ સતત પ્રયત્ન અને હકારાત્મક વલણના પરિણામે સફળતાના શિખરો સુધી પહોંચી શકે છે તેમજ ખુલ્લા રમણીય અને કુદરતી વાતાવરણને કારણે પણ વિદ્યાર્થીની ક્ષમતામાં વધારો થતો હોવાનો મત રજુ કર્યો હતો. સંસ્થા વ્યવસાયિક ઉદ્દેશથી નથી શરુ કરાઈ માટે મેનેજમેન્ટ કવોટા રાખવામાં આવ્યો નથી. અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થી હોય પરંતુ આર્થિક સ્થિતિ સદ્ધર ન હોય તેવા વિદ્યાર્થીની ચારેય વર્ષની ફી માટે સંસ્થાએ નાણાંકીય મદદ કરવાની તૈયારી દર્શાવી હતી. હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ. એમ.એમ. પટેલે જણાવેલ કે વ્યકિતની જીંદગીના ટ્રેક પર કોલેજમાં ગાડી સડસડાટ દોડવી જોઈએ તેમજ માસ્ટર ટ્રેનર માલિક સોનીએ પોઝીટીવ એનર્જીના વિકાસ માટે વિદ્યાર્થીઓને આહવાન કર્યુ હતું. મીકેનીકલ એન્જિનીયરીંગના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પ્રોજેકટ મોડલ રજુ કર્યા હતા. આ પ્રોગ્રામમાં સંસ્થાના ટ્રસ્ટી અને ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, પંજાબ નેશનલ બેંકના સર્કલ હેડ પી.કે. સકસેના, કેમ્પસ ડાયરેકટર ડૉ. એમ.એમ. પટેલ, પ્રિન્સીપાલ ડૉ. વી.એમ. પટેલ, રવિકુમાર, એડવાઈઝર સુનિલ ૠષિકેશ સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતાં.



અદ્‌ભુત... ટી.વી. પર કમર ઘટાડવાની પ્રોડકટનું રીઝલ્ટ...એ લોકોએ મેઝર ટેપ મોકલી.. મારી કમર એક દિવસમાં આઠ ઈંચ ઓછી થઈ.

## લોન ટેનીસ સ્પર્ધામાં શહેરના બાળકોનો ઉત્કૃષ્ઠ વિજય

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ વચ્ચે તાજેતરમાં લોન ટેનીસ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અન્ડર-૧૭ ગર્લ્સની રમતમાં ડીપીએસ સ્કુલની ખુશી દોશી પ્રથમ અને હીલવુડની બીરવા રાય દ્વિતીય નંબરે આવી છે. જ્યારે બોયઝમાં ડીપીએસનો ધર્મિલ શાહ પ્રથમ અને સ્કુલ ઓફ એચીવરનો હર્ષિલ પટેલ દ્વીતીય નંબરે આવ્યો છે.

અન્ડર-૧૪ ગર્લ્સ ટીમમાં શાંતિનીકેતનની વૈદેહી ચૌધરી પ્રથમ અને ૠત્વી ચૌધરી બીજા નંબરે તથા બોયઝમાં માઉન્ટ કાર્મેન્લનો વરૂણ ધંધુકીયા પ્રથમ તથા દ્વીતીય ક્રમે ડી.પી.એસ.નો જૈનમ દોશી આવ્યો છે.

## રેશનલ સમાજની બેઠક ૧૦મી ઓગસ્ટે

ગાંધીનગર, તા. ૮

રેશનલ સમાજ ગાંધીનગરના સભ્યોની નિયમિત મળતી માસિક સામાન્ય સભાનું આયોજન ૧૦મી ઓગસ્ટ શનિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર, બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, સેકટર-૨૩ ખાતે યોજાશે. રેશનલ સમાજના સભ્યોએ સામાન્ય સભામાં ઉપસ્થિત મંત્રી પંકજભાઈ પટેલે જણાવેલ છે.

## ગાંધીનગરમાં હેન્ડબોલ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લા હેન્ડબોલ એસોસીએશન દ્વારા આગામી દિવસોમાં કેપીટલ યુથ ડેવલપમેન્ટ ટ્રસ્ટના સહયોગથી વિવિધ ગ્રુપમાં હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન કરવા જઈ રહ્યા છે માટે સ્પર્ધામાં ભાગ લેવા માટે આવેદન મંગાવવામાં આવે છે.

ગાંધીનગર હેન્ડબોલ એસોસીએશન દ્વારા અન્ડર-૧૨, ૧૪, ૧૭, ૧૯ એમ ચાર ગ્રુપમાં ભાઈઓ અને બહેનો માટે જુદા જુદા દિવસે હેન્ડબોલ સ્પર્ધા યોજવામાં આવશે. આ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવનાર ટીમને ૩ પોઈન્ટ, સિલ્વર મેડલ માટે ૨ પોઈન્ટ અને બ્રોન્ઝ મેડલ માટે ૨ પોઈન્ટ આપવામાં આવશે. તમામ ચારેય ગ્રુપની સ્પર્ધાને અંતે વધારે પોઈન્ટ મેળવનાર ટીમને જિલ્લાની ચેમ્પિયન ટીમ જાહેર કરી હિતેષ વાઘેલા ચેમ્પીયન્સ ટ્રોફી એનાયત કરવામાં આવશે. આ ટ્રોફી અંતર્ગત ૧૧મી ઓગષ્ટના રોજ સ્વામીનારાયણ હાઈસ્કુલ સે-૨૩ ખાતે અન્ડર-૧૪ ભાઈઓ બહેનોની સ્પર્ધા યોજાશે. ત્યારબાદ ૧૮મી ઓગષ્ટના રોજ અન્ડર-૧૭ ભાઈઓ-બહેનો, ૨૫મી ઓગષ્ટના રોજ અન્ડર-૧૯ ભાઈઓ બહેનો તથા ૧લી સપ્ટેમ્બરના રોજ અન્ડર-૧૨ ભાઈઓ બહેનોની સ્પર્ધા યોજવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધાના કોમ્પીટીશન ડાયરેકટર કૌશિક પટેલ (મો) નંબર ૮૪૦૧૧ ૩૧૧૧૫ તથા ગાંધીનગર હેન્ડબોલ એસોસીએશનના મંત્રી નિમેષ પટેલનો સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જેમાં ગાંધીનગર જિલ્લા સિવાયની અન્ય જિલ્લાની ટીમોએ ગાંધીનગર હેન્ડબોલ એસોસીએશનના પ્રમુખ મંત્રી અથવા સ્પર્ધાના આયોજન મંત્રીને આવેદનપત્ર આપવાનું રહેશે. ત્યારબાદ તેઓને સ્પર્ધામાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવે છે તેમ એસોસિએશનના મંત્રી દ્વારા જણાવવામાં આવ્યું છે.

### પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ



ગાંધીનગર સેકટર-૫માં આવેલ આવકાર એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત પ્રેરણા વિદ્યાલય શાળાની વિદ્યાર્થીની ઉર્વશી રાજપૂતે જુડો અન્ડર નાઈન્ટીનમાં જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ ઉપરાંત કુસ્તિમાં (૫૯ કિ.ગ્રા.) અન્ડર નાઈન્ટીનની જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પણ પ્રથમ સ્થાન મેળવેલ છે. અને હર્ષ વાણિયાએ સ્કેટીંગ સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યુ છે. આ બંને વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ શાળાનું તથા ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. તેઓની સિદ્ધિ બદલ શાળાના ટ્રસ્ટી બિહોલા તથા નરેશભાઈ શાહ, હોદ્દેદારો સહિતા આચાર્યા તથા શિક્ષકગણે અભિનંદન પાઠવ્યા છે.

## ડૉ. બી.એચ. સોમૈયા રચિત 'ધર્માનંદ કોસંબી : જીવન અને સાહિત્ય' પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા.૮

ગુજરાતના જાણીતા લેખક ડૉ. બી.એચ. સોમૈયા રચિત 'ધર્માનંદ કોસંબી : જીવન અને સાહિત્ય' નું વિમોચન તાજેતરમાં સિધ્ધાર્થ લો કોલેજ લાઈબ્રેરી, સિધ્ધાર્થ લો કોલેજ કેમ્પસ, સેકટર-૧૬, ગાંધીનગરમાંથી કરવામાં આવ્યું છે. જે ગુજરાતના જાણીતા બૌદ્ધ સાહિત્યના જાણીતા વિદ્વાન ડૉ. જય વર્ધન હર્ષના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.



ગુજરાતના જાણીતા લેખક ડૉ. બી.એચ. સોમૈયાના પી.એચ.ડી.ના શોધ નિબંધના પુસ્તક 'ધર્માનંદ કોસંબી : જીવન અને સાહિત્ય' નું વિમોચન કરતા ડૉ. જય વર્ધન હર્ષે જણાવ્યું હતું કે ધર્માનંદ કોસંબી વિશ્વસ્તરના મહાન વિદ્વાન હતા તેઓએ અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટી અને રશિયાની યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે અધ્યાપન કર્યું હતું. તેમણે ગુજરાત વિદ્યાપીઠ-પુરાતત્વ મંદિરમાં પણ પાંચ વર્ષ પ્રાધ્યાપક તરીકે રહ્યા હતાં. આ સમયગાળા દરમિયાન તેમણે ઘણા પુસ્તકો લખ્યા હતા. બૌધ્ધ ધર્મના સાહિત્યના પ્રચાર પ્રસારમાં એમનો ફાળો અમૂલ્ય રહ્યો છે. પુસ્તકના લેખક ડૉ. બી.એચ. સૌમેયાએ જણાવ્યું હતું કે ધર્માનંદ કોસંબીનું જીવન અને એમનું જીવનયોગી સાહિત્ય આજના સમયમાં અત્યંત પ્રેરક છે. આ કાર્યક્રમમાં જસ્ટિસ વિનુભાઈ ભેરવીયા, ડૉ. પી.એસ. પટેલ, ડૉ. હિમાંશુ મકવાણા, બુધ્ધ પ્રિય મૈત્રેય, હસમુખભાઈ ચન્દ્રપાલ વગેરે લોકો અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતાં.


## ગરબા-રાસના કલાકાર અને ગરબા કલાસના પ્રણેતા : અરવિંદ ત્રિવેદી

### કેફિયત કલાસાધકની

- આશા સરવૈયા

'ચાચરનો ચોક છે, ગબ્બરનો ગોખ છે, ગઢ પાવા એ મા મહાકાળીનો વાસ છે, હૈયે ઉમંગ છે... હરખના ઢોલ છે... નવ નવ દિન માડી મંગલ અહેસાસ છે... ગરબે રમવા આવો અંબે મા...'

નવલી નોરતાના ઢોલ ઢબુકવા લાગ્યા છે. ખેલૈયાઓના હૈયે હરખની હેલી છે. રૂમઝૂમ પગલે પધારતી માડીના સ્વાગત માટે હૈયા હરખાણા છે. નવરાત્રી એટલે મા અંબાની આરાધનાનું પર્વ. આમ ભક્તિ, શ્રદ્ધા, સંગીત,



સુર, ઉત્સાહ તેમજ થનગનાટના સંગમ સમો નવ નવ રાતોના મહોત્સવનું આગમન હવે દૂર નથી. વિશ્વનો સૌથી લાંબો ચાલતો મહોત્સવ નવરાત્રીમાં ખેલૈયાઓ ઘેલા ઘેલા બની જાય છે. અને મન ભરીને ગરબે ઘૂમી લે છે. આજે એક એવા ગાંધીનગરના રાસ-ગરબાના ખેલૈયાનો પરિચય મેળવીએ. આ કલાકાર છે અરવિંદભાઈ મનસુખલાલ ત્રિવેદી.

ગામ કુંવારદ, જિ. પાટણ (વઢીયાર પંથક) માં ૧૯૬૪માં જન્મેલા અરવિંદભાઈ ગાંધીનગરના સ્થાપના કાળથી જ અહીં વસેલા છે. પિતા - મનસુખલાલ ત્રિવેદી માતા - સમુબેન. અરવિંદભાઈના પિતાજી ગાંધીનગરના સરકારી પ્રેસમાં ૧૯૬૯-૭૦થી ફરજ બજાવતા હતા. પાટણના વતની મનસુખભાઈ વર્ષોથી અમદાવાદમાં સ્થાયી બન્યા હતા. નાનપણથી જ તેઓને રાસ-ગરબાનો ગજબનો શોખ. મૃણાલીની સારાભાઈ એન્ડ ગ્રુપમાં રાસ, રાસડાવિ. માં ભાગ લેતા જતા. અને ગોફ (ગુંથન) રાસમાં તો મનસુખભાઈની માસ્ટરી...

પિતાજીનો રાસ, ગરબા અને નૃત્યોનો વારસો ગળથૂથીમાં જ મેળવેલા અરવિંદભાઈ ગાંધીનગરની ગરબીઓમાં ગરબે ઘુમવા લાગ્યા. અરવિંદભાઈ એ પ્રાથમિક અભ્યાસ સરકારી શાળામાંથી કર્યો. નવરાત્રી આવે અને અરવિંદભાઈ મસ્તીથી ગરબે ઘૂમવા લાગે. ગાંધીનગરમાં સેકટરોમાં થતી નવરાત્રીમાં નૃત્ય દ્વારા દેવીની આરાધના કરવામાં આવે છે. અરવિંદભાઈ સેકટર-૨૮, ૨૦, ૨૯ અને ૨૧ ના ચોકઠામાં નવરાત્રીનાં ગરબે રમવા જતા. કાગડોળે નવરાત્રીની રાહ જોતા અરવિંદભાઈ નવલા નોરતામાં મન ભરીને ગરબા રમે.

ધીમે ધીમે શેરી ગરબા અને ચોકઠાની નવરાત્રીની સાથે સાથે પાર્ટી પ્લોટના ગરબાનું આયોજન થવા લાગ્યું. ૧૯૯૪માં ફન વર્લ્ડ ખાતે પાર્ટી પ્લોટના ગરબાનું મોટા પાયે આયોજન થયું હતું. અરવિંદભાઈના મિત્ર પીટર વેસ્લીના આરાહથી અરવિંદભાઈ એ ટ્રેડીશનલ ડ્રેસ પહેર્યો અને ફન વર્લ્ડ ખાતે પાર્ટી પ્લોટમાં ઘૂમ્યા. આમ ૧૯૯૪ થી પાર્ટી પ્લોટના ગરબામાં પરંપરાગત વેશભૂષા સાથે ખેલૈયા અરવિંદભાઈ ઝૂમવા લાગ્યા.

અરવિંદભાઈના ભાઈ-બહેનોને પણ (એક ભાઈ અને બે બહેનો) રાસ-ગરબાનો શોખ. અરવિંદભાઈની બેન જયશ્રી તો નવરાત્રી દરમિયાન શેરી, ચોકઠાઓ કે પાર્ટીપ્લોટ હોય ગરબે ઘૂમવા પહોંચી જ જાય. પ્રાચીન, અર્વાચીન ગરબા, દાંડિયા રાસ વિ. માં નિપૂર્ણ જયશ્રીબેન જિલ્લા રાસ-ગરબા સ્પર્ધામાં પણ અનેક વખત ભાગ લીધો હતો અને નંબર પણ મેળવ્યો હતો. વળી સોનામાં સુગંધ ભળે તેમ અરવિંદભાઈએ ૧૯૮૯માં સપ્તપદીના ફેરા ફરીને જીવનસંગીની બનાવેલા નિરૂપાબેન પણ ગરબા ના જબરજસ્ત શોખીન અને નિપૂર્ણ. લચકભરી ગરબા સ્ટાઈલથી નવરાત્રીના નવ દિવસ સુધી રાત્રે ગરબે ઘૂમવું અને રાતો માણવી તે જ મહેચ્છા. આમ આખું કુટુંબ ગરબા મય.

નવરાત્રીમાં લોકોનો અનન્ય ઉત્સાહ, આબાલ વૃદ્ધનું નવરાત્રીમાં ગરબે ઘૂમવું, શક્તિ અને ભક્તિની ઉપાસના, યુવા હૈયાઓનો થનગનાટ, બાળકોનો ઉત્સાહ વિ. જોઈને અરવિંદભાઈને વિચાર આવ્યો કે માતાજીની કૃપાથી તેઓ ને જે કલા પ્રાપ્ત થઈ છે. તેને બધા સાથે વ્હેંચું... આ વિચાર ને જીવંત બનાવવામાં પત્ની નિરૂપાબેન, બેન જયશ્રી અને મિત્ર હરીશ દવે - ચારે મિત્રોએ સાથે મળીને 'ઘુંઘટ' રાસ-ગરબા ગ્રુપની ૧૯૯૭માં સ્થાપના કરી, અને ગાંધીનગરમાં સૌ પ્રથમ ઘુંઘટ ગરબા કલાસમાં ગરબા શીખવાડવાનું શરૂ થયું.

સેક્ટર-૧૬માં 'કોન્તેય' બિલ્ડીંગમાં શરૂ થયેલા 'ઘૂંઘટ' ગરબા કલાસમાં અનેક વિદ્યાર્થીઓ રાસ-ગરબા શીખવા લાગ્યા. બાળપણથી જ નૃત્ય અને સંગીતન શોખીન અરવિંદભાઈના ગરબાના પ્રત્યેક સ્ટેપમાં ગ્રેસ, લચક, ઉત્સાહ અને જોશ ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે. પોતાનો જુસ્સો, ગજબની એનર્જી, એક્સપ્રેશન થકી ગાંધીનગરના ખેલૈયાઓને તેઓઓ પોતાના તરફ આકર્ષિત કર્યા હતા. જેના કારણે ખૂબ મોટી સંખ્યામાં યુવક-યુવતીઓ 'ઘુંઘટ' માં અરવિંદભાઈ પાસે તાલીમ મેળવવા લાગ્યા. પ્રાચીન - અર્વાચીન ગરબા (બે તાળી, ત્રણ તાળી), રાસ, હીંચ, ગરબી, દોઢિયું, રાજસ્થાની પોપટીયું, હુડો, ફ્રી સ્ટાઈલ ગરબા અને ગ્રુપ સ્ટાઈલ ગરબા રાસ વિ. ની સુંદર તાલીમ મેળવીને ખેલૈયાઓ હરખભેર ગરબાઓમાં ઘૂમવા લાગ્યા અને વિવિધ સ્ટાઈલ શીખનારા દરેકને કોઈ ને કોઈ સ્પર્ધામાં ઈનામ મેળવવા લાગ્યા. અને ગરબા શીખવનાર પ્રથમ ગ્રુપ ઘૂંઘટમાં પ્રથમ વર્ષે ૩૦૦ જેટલા ખેલૈયાઓ એ અરવિંદભાઈ પાસે તાલીમ મેળવી હતી. જે ખરેખર અભિનંદનીય છે!

૧૯૯૬ માં ફન વર્લ્ડ ગાંધીનગરમાં યોજાયેલ પાર્ટી પ્લોટ ગરબામાં અરવિંદભાઈએ પોતાની આકર્ષક ગરબા સ્ટાઈલ, ટ્રેડીશનલ ડ્રેસ (પોતે જ ડીઝાઈન કરેલા) વડે રૂા. ૧ લાખના બોન્ડ ઈનામમાં મેળવ્યા હતા. (રઘુવીર પ્લાન્ટેશન બોન્ડ) અને આ સફળતા બદલ અરવિંદભાઈ ગાંધીનગરમાં છવાઇ ગયા હતા. ૧૯૯૭-૯૮માં ગરબા સાથે સાથે ટ્રેડીનશનલ ડ્રેસનું પણ મહત્ત્વ વધતું ગયું અને અરવિંદભાઈએ મિત્રો મુંજાલ રાવલ વિ. સાથે ચોટીલા જઈ અવનવા કાપડ ખરીદીને પોતે જ ડીઝાઈન કરીને ૨૦ થી ૨૨ જોડ ડ્રેસ બનાવડાવ્યા જે અરવિંદભાઈ અને મિત્રો પ્રેમથી પહેરીને નવરાત્રીમાં ઘુમતા અને વિજેતા બનીને ઈનામે મેળવતા. તે જ વર્ષથી ચાલુ કરીને અરવિંદભાઈએ અનેક વખત બેસ્ટ પ્રિન્સ (પર્ફોમન્સ), બેસ્ટ ડ્રેસ પ્રિન્સ કેટેગરીમાં વિનર બન્યા હતા. ઉપરાંત તેમના હાથ નીચે તૈયાર થયેલા ૫૦ થી ૬૦ ખેલૈયાઓને ગાંધીનગરમાં યોજાતા વિવિધ પાર્ટી પ્લોટ ગરબામાં દર વર્ષે ઈનામો પ્રાપ્ત થતા.

૧૯૯૭ - ૯૮ માં લાયન્સ કલબ નવરાત્રી મહોત્સવમાં 'અરવિંદ-નિરૂપા' ને બેસ્ટ પેર (બેસ્ટ પેર ઈન રીયલ લાઈફ)નું પ્રથમ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. આ પેરના મેદાન પર ગરબા માણવા તે પણ એક લ્હાવો છે, મોહક અદા, હાવભાવ, સ્ટેપ્સના તાલમેલ, ટ્રેડીશનલ ડ્રેસિંગ અને હસતા ચહેરે ગરબા કરતા અરવિંદભાઈ - નિરૂપાબેનની જોડી નવરાત્રીમાં જમાવટ કરતી.

૧૯૯૮ માં ગાંધીનગર ટાઉન હોલ ખાતે 'ઘુંઘટ' આયોજિત રાસ-ગરબા, લોકનૃત્યોનો સ્ટેજ શો અરવિંદભાઈ દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં ગરબા, રાસ તેમજ ગુજરાતના અન્ય ભાતીગળ લોકનૃત્યોની ઝમકદાર રજૂઆત કરવામાં આવી હતી. જેને આજે પણ ખેલૈયાઓ યાદ કરે છે.

'ઘુંઘટ' ગરબા કલાસમાં પર્ફેકશન સાથે ગરબા રમવાની તાલીમ, લયબદ્ધ સંગીતના સથવારે તાલીમ, (તાલી, ચપટી, ઠેસ) સાથે તાલમાં ગરબા કરવાની તાલીમ લીધેલા અને તૈયાર થયેલા શ્રેષ્ઠ ખેલૈયાઓની ખૂબ મોટી યાદી બને તેમ છે. જેમાં કૃપેશ સોની, નેહલ સોની મીરાં ગઢવી, બલભદ્ર રાઓલ, મનીષ દેસાઈ, ભાવિન પટેલ, સંજય ઝેવિયર, મિહીર જોષી, ઈશીતા જોષી, મીનળ પટેલ, રિતેશ દવે, રોશન પટેલ, ગણેશ ગોસ્વામી,દીપા જોષી, અલ્કા દેસાઈ, હર્ષ ત્રિવેદી, આકાશ ત્રિવેદી, જાનુ પંડ્યા, ગુંજન પટેલ વિ. મુખ્ય છે. અરવિંદભાઈ ખૂબ ગર્વ સાથે જણાવે છે કે તેમની પાસે શીખેલા ખેલૈયાઓ (ભાવિન પટેલ, મનીષ દેસાઈ, મીરાં ગઢવી) એ ગાંધીનગરમાં પોતાના ગરબા કલાસ શરૂ કરીને સાંસ્કૃતિક ક્ષેત્રે નામના મેળવી છે.

અરવિંદભાઈ લાયન્સ નવરાત્રી મહોત્સવમાં સળંગ ત્રણ વર્ષ 'બેસ્ટ પ્રિન્સ' નો એવોર્ડ જીત્યા હતા. બેસ્ટ ડ્રેસ અને બેસ્ટ પેરમાં પણ અનેક વખત વિનર બન્યા હતા. તેમના શિષ્યોમાં કૃપેશ સોની (બેસ્ટ ખેલૈયો), તેમ જ મિહીર જોષી, હર્ષ ત્રિવેદી, આકાશ, અલ્કા વિ.એ ઈનામો પ્રાપ્ત કરીને અરવિંદભાઈનું તથા 'ઘુંઘટ'ગ્રુપનું ગૌરવ વધાર્યું હતું.

૧૯૯૭ થી ૨૦૧૦ સુધીની કલાસફરમાં ઘુંઘટ ગરબા કલાસમાં અરવિંદભાઈ પાસે ૩૦૦૦ થી વધુ યુવક-યવતીઓએ તાલીમ લીધી છે, જે નોંધપાત્ર ગણાય. આ કલાકારો નવરાત્રી દરમિયાન નૃત્ય અને સંગીતથી ભરપૂર ગરબા રાસ રમે છે.

ગરબા કલાસ ચલાવીને મોટી આવત ઊભી કરાય છે, કેમ...? જી ના અરવિંદભાઈ પોતાના ૧૫ વર્ષના અનુભવથી એવું સ્પષ્ટ પણે માને છે અને જણાવે છે કે ગરબા કલાસ ચલાવવાથી કોઈ કમાણી કરી શકાતી નથી. પરંતુ ગ્રુપમાં ગરબાની રમઝટ માણવા અને સાથે મળીને ગરબાની ગરિમા, સાસત્ય અને ઉમળકો ભેગા કરીને ગરબે ઘુમવાથી અલૌકિક આનંદની પ્રાપ્તિ થાય છે.

ગરબા-રાસ એ આપણો સાંસ્કૃતિક વારસો છે. પશ્ચિમી સંસ્કૃતિના આક્રમણ સામે છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાતના ગરબાને ગાંધીનગરમાં ધબકતો રાખનાર અરવિંદભાઈ અને તેમનો પરિવાર (પત્ની, બે પુત્રો - હર્ષ અને પૂર્વ) બેન-જયશ્રી, ભાણેજ - મિહીર અને ઈશાની) પોતાના ગ્રુપના ખેલૈયાઓ સાથે જ નવરાત્રીમાં ગરબે રમવા જાય છે. સોનલ ગરબો શિરે અંબે મા..., તારા વિના શામ મને એકલડું લાગે..., હે મુને એકલી મેલીને રમે તું રાસ...' વિ. અરવિંદભાઈના ગમતા રાસ-ગરબાઓમાં ના છે. મનગમતા ગરબા અને ઢોલના સથવારે આજે પણ અરવિંદભાઈ નવરાત્રીમાં ગરબે ઘુમતા જોવા મળે છે.



નવરાત્રી સમયે ગાંધીનગરાઓનાં ગરબા અને ગરબાની આરાધનાએ ગુજરાતમાં જ નહીં, ગુજરાતની બહાર અને વિદેશોમાં પણ ગાંધીનગરના ગરબાઓને જાણીતા બનાવી દીધા છે. નવરાત્રી પહેલા શરૂ થતા અને હાલ તો નગરમાં ચોરે અને ચૌટે સક્રિય થયેલા નવરાત્રી ગરબા કલાસીઝનો પણ આ સિદ્ધિ હાંસલ કરવામાં સિંહફાળો સ્વીકારવો રહ્યો. ગાંધીનગરના સૌપ્રથમ ગરબા કલાસ 'ઘુંઘટ ગરબા કલાસ' આજથી વીસેક વર્ષ પહેલા શરૂ કરનાર એવા ગરબા કલાસના પ્રણેતા અરવિંદભાઈ ખરેખર અભિનંદનના અધિકારી છે.